# હિંમતનગર ખાતે 'અટલ ભૂજળ યોજના' પર એક દિવસીય પરિસંવાદ

## રાજ્યના ૩૬ તાલુકાના ૨૦૫૨ ગામોને યોજના હેઠળ આવરી લેવાયા

બાયડ તા.૧૮

દેશના તમામ રાજ્યોના સર્વક્ષેત્રમાં વિકાસ અને જન સુખાકારી વધે તે માટે અનેકવિધ યોજનાઓ કાર્યન્વિત છે. જેમા કૃષિ અને સિંચાઇ ક્ષેત્રમાં દેશ સ્વાવલંબન બને તે માટે પાણી માટે "અટલ ભૂજળ યોજના અમલમાં છે જેના કૃષિકારો લાભ લઈ શકે તે માટે સાબરકાંઠાના હિંમતનગર ખાતે એક દિવસીય પરી સંવાદ યોજાયો હતો.

હિંમતનગરના નવિન સર્કિટ હાઉસ ખાતે યોજાયેલ પરીસંવાદમાં યોજાયેલા જિલ્લા કક્ષાના અધિકારીઓ તથા જળ વ્યવસ્થાપન સાથે યોજાયેલી સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓને સંબોધતા સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટના તજજ્ઞ શ્રી ડૉ. ડી.કે.ડોબરીયાએ જણાવ્યું હતુ કે, ભારતમાં ખેત ઉત્પાદન વધારવા પિયત ખેતી કરવા, પીવા તથા ઉદ્યોગોની પાણીની જરૂરીયાતમાં ભૂગર્ભ જળનો મહત્તમ ઉપયોગ થાય છે. જેમાં ૬૫ ટકા ખેતીના પિયત માટે, ૮૫ ટકા ગ્રામ્ય વિસ્તારમાં તથા ૫૦ ટકા શહેરી ક્ષેત્રમાં ભૂગર્ભજળનો ઉપયોગ થાય છે. જેમાં છેલ્લા ૩૦ વર્ષમાં પાણીનો દિન પ્રતિદિન વપરાશ વધી રહ્યો છે, હાલમાં ૧૦૦ ફુટની ઉંડાઈથી પણ પાણી મળી રહ્યા નથી ત્યારે ભૂગર્ભજળની માત્રા વધારવા માટે ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ શરૂ કરવામાં આવી હતી જેને પરીણામે સુનિયોજીત જળ વ્યવસ્થાપન થતાં ભૂગર્ભ જળ રાશિમાં વધારો થયો છે. વધુમં




તેમણે જણાવ્યું હતુ કે, દેશના સાત રાજ્યોના ૭૮ જિલ્લાઓના ૧૯૩ તાલુકાઓને અટલ જળ યોજના હેઠળ આવરી લીવાયા છે. જેમાં ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ અને કચ્છ એમ સાત જિલ્લાના ૩૬ તાલુકાના ૨૦૫૨ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના પર કેંદ્ર/રાજ્ય અને ગ્રામ્ય સ્તરે મેનેજમેન્ટ યુનિટની સ્થાપના કરી જળરાશી વધારવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રસંગે જિલ્લા પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટના હાઇડ્રોલોજીસ્ટ શ્રી એમ.આઇ.ખણુસીયાએ સાબરકાંઠા જિલ્લામાં હયાત જળસ્ત્રોત અને તેમાંથી ઉપયોગ થતા પાણી વિષે વિસ્તૃત સમજ આપી હતી જેમાં આગામી સમયમાં પાણીની માંગ ઘટાડવાના પગલા અને પાણીનો પુરવઠો વધારવાના અસરકારક પગલા વિષે જાણકારી આપી હતી.

તેમણે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા જળ સંચય અભિયાનની પ્રશંસા કરતા જણાવ્યું હતુ કે, છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન આ કાર્યક્રમ યોજાતા નવિન ચેકડેમ, ખેત તલાવડીનું નિર્માણ તથા નદીઓ અને તળાવોને ઉંડા કરવાથી ભુગર્ભજળની માત્રામાં વધારો નોંધાયો છે. પરીસંવાદમાં પાણી વ્યવસ્થાપનમાં મહિલાનો ફાળો અને મહિલા પાણી સમિતિ દ્વારા ગામમાં આવેલા પરીવર્તન વિષેની પણ જાણકારી આપવામાં આવી હતી. આ પરીસંવાદમાં નાયબ ખેતી નિયામક પી.બી.ખિસ્તરીયા, કૃષિ તજજ્ઞશ્રી હાર્દિક વચ્છાની સહીત અનેક સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંભોઈ ગ્રામપંચાયતના ડેપ્યુટી સરપંચ બિનહરીફ

ગાંભોઈ તા.૧૮

હિંમતનગર તાલુકાની ગાંભોઈ ગ્રામપંચાયતમાં તાલુકા પંચાયતના અધિકારી તેમજ તલાટીકમ મંત્રી ઘનશ્યામભાઈ પ્રજાપતિના અધ્યક્ષ પદે યોજાયેલ બેઠકમાં ડેપ્યુટી સરપંચ પદે કાનુબેન ભગવાનદાસ ચૌધરીની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંભોઈ પંચાયત સરપંચ મંજુલાબેન જગતસિંહ પરમાર, તાલુકા સદસ્ય કુલદીપસિંહ રાઠોડ, સતિષભાઈ પ્રજાપતિ, હસમુખભાઈ સોલંકી, મહેન્દ્રભાઈ મિસ્ત્રી, સેવક જગતસિંહ ચૌહાણ તેમજ ગ્રામ પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.



# પ્રાંતિજ માર્કેટયાર્ડ દ્વારા શાકભાજી માર્કેટયાર્ડ ચાલુ કરવાના સમયમા ફેરફાર કર્યો

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ માર્કેટયાર્ડ દ્વારા શાકભાજી માર્કેટયાર્ડ ચાલુ કરવાના સવાર ના સમય મા ફેરફાર કર્યો. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા પ્રાંતિજ માર્કેટયાર્ડ મા શાકભાજી વેપાર કરતા વેપારીઓ તથા ખેડુતોની રજુઆત ને ધ્યાને લઈ ને ખેડુતોને પડતી અગવડતાને કારણે માર્કેટયાર્ડ ના હિતમા માર્કેટયાર્ડ નો ચાલુ કરવાના સમય તારીખ ૨૧।૧।૨૦૨૨ ને શુકવાર થી સવાર ના ૬.૩૦ થી કરવામા આવેલ છે જેથી શાકભાજી નો વેપાર કરતા દરેક વેપારીઓએ પોતાની દુકાન ખોલી વેપાર ચાલુ કરવાનો રહેશે જો આ નિર્ણય મા વેપારી અવગણના કરતો જણાઈ આવશે તો તેવી સામે માર્કેટયાર્ડ વિરૂધ્ધ કાર્યમા માર્કેટયાર્ડ કડક કાર્યવાહી કરવાની ફરજ પડશે તેવી માર્કેટયાર્ડ મા શાકભાજી નો વેપાર કરતા વેપારીઓ ને સુચના આપવામા આવી છે

# લોકપ્રશ્નોને સમજી સરકાર સંતોષકારક સુખદ સમાધાન કરવા કટિબદ્ધ : પ્રદીપભાઈ પરમાર

## માલપુરથી ગાંધીનગર સુધી દંડવત પ્રણામ કરતા નિકળેલા લાલજી ભગતને તાજપુરા ખાતે પારણા કરાવી યાત્રાનો અંત લાવતા મંત્રી

બાયડ તા.૧૮

ગુજરાતના વાલ્મિકી સમાજના સફાઈ કામદારોના નાના મોટા પ્રશ્નોને લઈને ૧૪ જેટલી મંગાણીઓ સાથે તા – ૧ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ માલપુરથી ગાંધીનગર સુધી દંડવત પ્રણામ કરતા કરતા વેદનાપત્ર આપવા નીકળેલા માલપુરના શ્રી લાલજી ભગત અને સમર્થકો સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં શ્રી ખોડિયાર ગૌ શાળા તાજપુર ખાતે પહોંચતા તેમના પ્રતિનિધિ મંડળને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સંવેદના દાખાવીને સફાઈ કામદારોના પ્રશ્નોનું સુખદ સમાધાન થાય અને તેમની માંગણીઓનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે ગાંધીનગર ખાતે બોલાવી એક બેઠક યોજી હતી. અને યાત્રાના દલિત ભાઈઓને સમજાવીને તેમના મધ્યસ્થી માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર અને રાજ્યકક્ષાના મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારને તેમના પ્રશ્નો ઉકેલવાની જવાબદારી સોંપતા બન્ને મંત્રીશ્રીઓ આજે સવારે ૧૧:૦૦ કલાકે તાજપુર ખાતેની છાવણીમાં આવીને સફાઈ કામદારોના પ્રશ્નોને વાચા આપી રાજ્ય સરકાર હર હંમેશ લોક કલ્યાણ માટે કટિબદ્ધ છે. તેવી પ્રતિતિ કરાવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈની સરકારની નવી ટીમે ૧૨૧ દિવસ પૂર્ણ કરીને સુશાશનનો છેવાડાના



માનવીને પરિચય કરાવ્યો છે. ગુજરાતમાં શાંતિ સલામતી અને સંવેદના સાથે નિષ્ઠાપૂર્વક અમલ કરીને ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવી છે. છતાં નાના મોટા લોકોના પ્રશ્નો હશે તો દરેક મંત્રીઓને પોતાના વિભાગ દ્વારા હલ કરવા સૂચના આપી છે. જેના ભાગ રૂપે આજે આ યાત્રાનો સુખદ અંત આવ્યો છે. આંદોલન કર્મી અને સફાઈ કામદારોનો મંત્રીએ આભાર વ્યક્ત કરી લીંબુ પાણી શ્રી લાલજી ભગતને પીવડાવી પારણા કરાવ્યા હતા. સરકારના આ અભિગમને ગુજરાત પ્રદેશ વાલ્મિકી સમાજે વધાવીને આભાર પ્રગટ કર્યો હતો.

આ પ્રસંગે મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતુ કે, આપના પ્રશ્નોને સરકાર સુધી પહોંચાડીને હકારાત્મક ઉકેલ લાવવા અમે હરહંમેશા આપની સાથે જ છીએ. તેવી હૈયાધારણા આપી હતી અને છાવણીમાં નીચે બેસીને તેમના પ્રશ્નો રજૂઆતોને શાંતિથી સાંભળી હતી.

આ પ્રસંગે શ્રી લાલજી ભગત દ્વારા પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, અમારા પ્રશ્નોને સરકારે સાંભળ્યા છે. અમારો સમાજ ગરીબ છે નાનો છે. અમારી વેદનાને મુખ્યમંત્રીશ્રીએ અને બન્ને મંત્રીશ્રીઓ અહીં આવીને અમને સાંતવના અને ઉકેલ લાવવાની ખાત્રી આપી છે. અમને લઘુત્તમ વેતન અને સફાઈ કામદારોને કાયમી કરો એજ અમારી માંગણી છે. અમને આશા છે કે આ સરકાર પ્રશ્નો ઉકેલશે અને આપ અહીં નાના માણસો પાસે આવ્યા એ બદલ દંડવત પ્રણામ કરી આભાર વ્યક્ત કરું છું. અને યુવાનો, સમાજના આગેવાનો તથા યાત્રાને સહકાર આપનારનો પણ હું ઋણી છું. આ પ્રસંગે મંત્રીશ્રીએ શ્રી લાલજી ભગત અને તેમના ધર્મપત્ની લક્ષ્મીબેન તથા છાવણીના દલિત લોકોનું સન્માન કર્યું હતું. સૌએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે અનુસૂચિત જાતિ મોરચાનાશ્રી નરેન્દ્રભાઈ, શ્રી ચંદ્રકાન્તભાઈ, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, સુનિલભાઈ, નારણભાઈ, શ્રી આર. કે તેમજ માલપુરના સરપંચશ્રી ઉપાધ્યાય અને હિતેચ્છુઓ અને મહિલાઓ કોરોના ગાઈડલાઈનના પાલન સાથે ઉપસ્થિત રહ્યા હતા અને સુખદ સમાધાન અંગે ખુશી વ્યક્ત કરી હતી.

# પાલનપુરમાં કોરોનાના નવા ૩૩ સાથે કુલ ૧૬૭ એક્ટિવ કેસ

## બનાસકાંઠામાં કોરોનાના વધુ ૫૪ કેસ નોંધાયા : જિલ્લામાં ૩૮ પુરુષ, ૧ કિશોર અને ૧૫ મહિલા કોરોનામાં સપડાયા

પાલનપુર, તા.૧૮

બનાસકાંઠા જિલ્લામા કોરોના વાઈરસનું સંક્રમણ ઘેરું બની રહ્યું હોય રોજેરોજ નવા પોજેટિવ કેસોની વૃદ્ધિ થઈ રહી છે જેમાં રવિવારે વધુ ૫૪ કેસ સામે આવ્યા છે જેમાં ૩૮ પુરુષ,૧ કિશોર અને ૧૫ મહિલા કોરોના માં સપડાતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે જોકે આ કેસોમાં સૌથી વધુ ૩૩ કેસ પાલનપુરમાં સામે આવતા પાલનપુર માં એક્ટિવ કેસોની સંખ્યા ૧૬૭ પર પહોંચી છે

બનાસકાંઠા જિલ્લા મા કોરોનાની ત્રીજી લહેરમાં પોજેટિવ કેસો નો ગ્રાફ સતત વધી રહ્યો હોય કોરોના ગાઈડ લાઈન નું પાલન કરવામાં લાપરવાહી દાખવતા લોકો ને કોરોના સંક્રમણ ઝપેટમાં લઈ રહ્યું છે જે વચ્ચે રવિવારે જિલ્લામાં વધુ ૫૪ પોજેટિવ કેસો નોંધાયા છે જેમાં દાંતીવાડા - ૦૧,

ડીસા- ૧૫, કાંકરેજ - ૦૨, પાલનપુર- ૩૩, વડગામ - ૦૨ અને વાવમાં ૧ પોજેટિવ કેસ નોંધાયો છે આ નવા કેસોમાં ૧૫મહિલા અને ૩૮ પુરુષ અને ૧ કિશોર કોરોનામાં સપડાતા જરૂરિયાત મંદ દર્દીઓ ને સારવાર શરૂ કરાઈ છે અને કેટલાક દર્દી ને હોમ કોરેન્ટાઈન કરવામાં આવ્યા છે સાથે હાલ જિલ્લામાં એક્ટિવ કેસોની સંખ્યા ૩૨૩ સામે પાલનપુરમાં ૧૬૭ એક્ટિવ કેસ છે જ્યારે ૧૬ સંક્રમિત દર્દીઓ સારવારના અંતે સ્વસ્થ બની કોરોનાને મ્હાત આપી છે

# શ્રવણ સુખધામ સંસ્થા વિહંગનો વિસામો દ્વારા અબોલ જીવ માટેની સેવા ખુલ્લી મૂકાઇ

ગાંભોઈ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં આવેલ શ્રવણ સુખધામ સંસ્થા વિહંગનો વિસામો દ્વારા છેલ્લા પાંચ વર્ષથી મકરસંક્રાંત (ઉતરાયણ) ના દિવસ થી અબોલ જીવ પક્ષી લુપ્ત થતું જતું સોહામણું પક્ષી ચકલીને બચાવવાનું સેવા કાર્ય



સંસ્થાના આધસ્થાપક ઈન્દુ એસ.કે.પ્રજાપતિ દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેમાં પક્ષીઓ માટે માટીના પક્ષીઘર અને પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. તે ૩૬૫ દિવસ અવિરત સેવા સંસ્થા પર કાર્યરત હોય છે. અત્યાર સુધીમાં આ અભિયાન હેઠળ સંસ્થા દ્વારા ૩૭૨૯૨ પાણીના કુંડા અને પક્ષી ઘરનું વિતરણ થ?ઈ ચૂક્યું છે. આ અભિયાનમાં આ વર્ષ સાબરકાંઠાનાં જાણીતા સર્જન ડો.કિરણ પટેલ, ડો.રાકેશ પટેલ, ડો.મુકુલ ત્રિવેદી (અમદાવાદ) આ સેવા યજ્ઞમાં સામેલ થયાં છે.

આ અભિયાનને વધુને વધુ વેગવંતુ બનાવવા માટે ગુજરાતના લોક ગાયક અને લોક ગાયિકાઓએ પોત પોતાની આગવી શૈલીમાં વિડિયો બનાવી માનવ સંદેશા આપ્યાં છે. જેમાં લોક સાહિત્યકાર રાજભા ગઢવી (ગીર), ઘનશ્યામ ઝુલા (કચ્છ), હાસ્ય કલાકાર કમલેશ પ્રજાપતિ (અમદાવાદ), ઘનશ્યામ લાખાણી,અલવીરા મીર(કચ્છ), કુ.કિરણ પ્રજાપતિ (રાજકોટ) મોટીવેશન સ્પીકર સંદિપ જે.ડી (ભાવનગર) આ તમામ કલાકારોએ અબોલ જીવ પશુ પક્ષીને બચાવવા મનુષ્ય માત્રને અપિલ અને સંદેશો આપ્યાં છે. આ ઉપરાંત સંસ્થાના આધસ્થાપક ઈન્દુ પ્રજાપતિએ જણાવ્યું હતું કે આ સેવા આવનારા વર્ષોમાં પણ અવિરત ચાલુ રહેશે પ્રકૃતિ પર્યાવરણ અને અબોલ જીવનું જતન કરવું સાથે સાથે આહાર અને આશરો આપવો એ આપણો એક માનવ ધર્મ છે. અબોલ જીવની સેવામાં સ્વર્ગ સમાયેલું છે.

# અરવલ્લી જિલ્લાની ૧૯૯૩ મહિલાઓની વ્હારે આવી ૧૮૧ અભયમ.....

## મહિલા હેલ્પલાઇનથી દુઃખિયારી મહિલાઓને સધીયારો મળ્યો

બાયડ તા.૧૮

અરવલ્લી જિલ્લામાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનએ મહિલાઓ માટે આશીર્વાદ રૂપે સાબિત થઈ છે. આ હેલ્પલાઇનએ માત્ર હેલ્પલાઇન જ નથી પરંતુ એક સ્ત્રી ને બીજી સ્ત્રી દ્વારા મળતો સાથ- સહકાર છે મહિલા જ્યારે મુશ્કેલ પરિસ્થીતીમાં મુકાય છે તેવા સંજોગોમાં ૧૮૧ નંબર ડાયલ કરે તો તેને તાત્કાલીક અભયમ ટિમ દ્વારા સ્થળ પર પોહચીને મદદ પુરી પાડવામાં આવે છે આ હેલ્પલાઇન એ ૨૪ કલાક મહિલાઓની મદદ માટે કાર્યરત છે,કોરોના મહામારીમાં પણ બહેનોને જીવના જોખમે પણ મદદ પોહચાડેલ છે ઘરેલુ હિંસાના કેસ છે પાડોસી ઝઘડો છે બાળલગ્ન છે છેડતી, લગ્ન બહારના સંબંધો, આત્મહત્યામાં બચાવ માનસિક દિવ્યાંગ બહેનો મળિ આવતા હોય છે. વર્ષઃ-૨૦૨૧ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ઉપર કુલ ૧૯૯૩ ટોટલ કેસ મળેલા હતા જેમાં સૌથી વધારે ઘરેલુ હિંસાના કેસ મળેલા ૧૨૧૩ કેસ ૩૨૧ કેસનું એ સ્થળ પર સમાધાન કરેલ છે ૨૫૯ કેસએ આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવેલ તેમજ અમુક કેસોએ આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટરમાં તેમજ PBSC ચાઈલ્ડ લાઈન VMK નારી અદાલત જેવી મહિલા લગતી સંસ્થાઓમાં હેન્ડ ઓવર કરવામાં આવેલ છે. અને જીલ્લાની ટીમ દ્વારા પ્રંશનીય કામગીરી કરેલ છે.

# ડીસાના ધારાશાસ્ત્રી અને બનાસકાંઠા જીલ્લા ભાજપ ઉપપ્રમુખની ગુજરાત પ્રદેશ સચિવ પદે નિમણૂંક

માનવ અધિકાર સહાયતા સંસ્થાનના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનુસિંહજીના આદેશ અનુસાર ગુજરાતમાં આવેલ બનાસકાંઠા જીલ્લાના ડીસાના ધારાશાસ્ત્રી અને બનાસકાંઠા જીલ્લા ભાજપ ઉપપ્રમુખ કૈલાશકુમાર વક્તાજી ગેલોત (માળી) ની સમાજ સેવા, નિષ્ઠા, લગન અને કર્મષ્ઠતાના આધાર ઉપર માનવ અધિકાર સહાયતા સંગઠનમાં પ્રદેશ સચિવ-ગુજરાત પ્રદેશ પદ પર નિમણૂંક કરાઈ છે. જેમાં સંગઠન અને સમાજ ઉત્થાનના માટે જીવન પર્યન્ત સક્રીય રહેશે. માનવ અધિકારોના હનન અને સમાજની ખરાબી સામે સંગઠનના અવાજને હંમેશા બુલંદ કરતાં રહેશે. જ્યારે સંગઠનની મજબૂતી અને જન- કલ્યાણકારી યોજનાઓની પૂર્તિના માટે ઈમાનદારી, લગન અને નિષ્ઠાથી કામ કરશે. માનવ અધિકાર સહાયતા સંસ્થાનમાં સેવા અને કામગીરી નિઃશુલ્ક રહેશે. જ્યારે નિઃસ્વાર્થ મનથી માનવ સેવાના ઉદેશ્યથી તેમને આ પદ મળેલ છે.



# ઈકો કારની ટક્કરથી સલાલના બાઈક ચાલકનું સારવાર દરમ્યાન મોત

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના કાટવાડ પાસે બાઈક ઉપર જઈ રહેલ સલાલ ના દંપતી ને અકસ્માત નડયો ઈકોકાર ચાલકે પાછળ થી ટક્કર મારી બાઈક ઉપર જઈ રહેલ દંપતી ને ઈજાઓ પોહચાડતા બાઈક ચાલક નુ સારવાર દરમ્યાન મોત. પ્રાંતિજ ના સલાલ ખાતે રહેતા જીવણભાઈ ગાંડાભાઈ રાવળ તથા તેમની પત્ની ગીતાબેન જીવણભાઈ રાવળ તેવોનુ બાઈક જી.જે.૦૯ ડી.બી.૨૪૨૦ લઈ ને હિંમતનગર બાજુ જઈ રહ્યા હતા તે દરમ્યાન પ્રાંતિજ ના કાટવાડ પાસે ઈકોકાર ચાલક ફુલફાસ્ટ પુર ઝડપે બેદરકારી અને ગફલત ભરી રીતે માણસ ની જિંદગી જોખમાય તે રીતે હંકારી લાવી આગળ બાઈક ઉપર જઈ રહેલ દંપતી ના બાઈક ને પાછળ થી ટક્કર મારતા બાઈક ઉપર જઈ રહેલ જીવણભાઈ ગાંડાભાઈ રાવળ તથા તેમના પત્ની ગીતાબેન જીવણભાઈ રાવળ ને બાઈક સાથે નીચે પાડી દીધા હતા તો કોઈ અજાણ્યો સફેદ કલર ની ઈકો ચાલક બાઈક ઉપર જઈ રહેલ દંપતી ને અકસ્માત સર્જી ને ધટના સ્થળે થી ભાગી ગયો હતો તો પતિ-પત્ની ને ઈજાઓ પોહચતા સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો બાઈક ચાલક જીવણભાઈ ગાંડાભાઈ રાવળ ને પગે તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ તથા તેમના પત્નીને માથા ના ભાગે તથા શરીરે ઈજાઓ પોહચાડી ઈકોકાર ચાલક ધટના સ્થળે થી ભાગી ગયો હતો તો ઈજાગ્રસ્ત જીવણભાઈ ગાંડાભાઈ રાવળ ને પહેલા હિંમતનગર સિવિલ અને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખાતે ખસેડવામા આવ્યા હતા જયા સારવાર દરમ્યાન જીવણભાઈ ગાંડાભાઈ રાવળ નુ મોત નિપજયુ હતુ તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મૃતક ના પુત્ર સુનિલ કુમાર જીવણભાઈ રાવળ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે પુત્રની ફરીયાદ ના આધારે અજાણી સફેદ કલર ની ઈકોકાર વિરૂધ્ધ ગુનોનોધી આઈપીસીકલમ ૨૭૯,૩૩૭,૩૦૪,(અ) એમ.બી. એકટ ક.૧૭૭, ૧૮૪,૧૩૪ બી મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી.

# જન્મદિને વધામણી



એડવોકેટ
કરણ મુકેશભાઈ પટેલ
આક્રુંદ તા.ધનસુરા



મનોજ પટેલ
વડોદરા, ડેમાઇ



અનિલ મલીવાલ
બાયડ



ઘનશ્યામ સોમાભાઈ પટેલ
ડેમાઇ તા. બાયડ



દેવેન્દ્ર એન.પટેલ
બાયડ



જયેશ સુભાષભાઈ પટેલ
યમુના કેમિસ્ટ
બાયડ જીલ્લો અરવલ્લી



અતુલ ભાઈ ચૌહાણ
ડીઓ,એલ.આઇ.સી
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી



સિરીસ નરસિંહદાસ પટેલ
બોરીયા ટીંબા કંપા,
ધનસુરા



જયેશકુમાર પટેલ
સી.આર.સી.કો-ઓર્ડીનેટર
બાયલ ઢાંખરોલ
તા. મોડાસા



ડો. મહેશભાઈ જોશી
ગુજરાત રાજ્ય પ્રાથમિક
શિક્ષણ નિયામક
ગાંધીનગર



મનુભાઈ પટેલ
સાયરા તા.મોડાસા



સંકેત વી.પટેલ
ડેમાઈ તા.બાયડ




યુવરાજ ગોપાલભાઈ પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૧
બાયડ જીલ્લો અરવલ્લી

**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧